**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૯ ટકા

# ઘ-૫ વિસ્તારમાં દબાણ ટીમ ત્રાટકી

ગાંધીનગર,તા. ૧૮

ગાંધીનગર શહેરમાં માર્ગો તેમજ આંતરીક માર્ગો હવે ચોખ્ખા ચણક દેખાઈ રહ્યા છે. મનપાની ટીમે દબાણકારોને હાંકી કાઢતા શહેર દબાણ મુકત બનવા તરફ જઈ રહ્યું છે. દબાણની ટીમ સતત કાર્યરત રહેતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. આજે દબાણી ટીમે સેકટર-૧૭માં ઘ-૫ કોર્નર ખાતે ઉભા રહેતા વર્ષો જુના કેટલાક ગલ્લાઓ તેમજ ચાની રેકડીઓ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાધ ધરી છે. જયારે સેકટર-૨૧માં વારંવાર દબાણકારો ઉભા રહેતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ત્યારે આજે ૪ થી વધુ નડતરરૂપ લારીઓ અને ૫ ગલ્લા જમા લઈ લેતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં નાના વેપારીઓ તેમજ પાથરણા બજાર માટે કોઈ જ પ્રકારની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી રેકડીઓ વાળા તેમજ કાચા પાકા છાપરાના દબાણો ઉભા થઈ ગયા હતા. જેથી શહેરમાં દબાણની સમસ્યા વ્યાપક નહીં પરંતુ વિકરાળ બની જવા પામી હતી. ત્યારે તંત્ર દ્વારા દબાણના પ્રશ્ન પર ભાર મુકીને નિરાકરણ આવે તે દિશામાં આગળ વધવા જણાવ્યું હતું. શહેરમાં મુખ્ય માર્ગો પર અને સેકટરના આંતરીક માર્ગો પર છેલ્લા કેટલાક વર્ષોથી ઉભા રહેતા હોવાથી કેટલાક દબાણો તો સ્થાઈ બની જવા પામ્યા હતા. જયારે દબાણ ટીમ હટાવીને જાય અને બીજા દિવસે ગોઠવાઈ જાય તેવી સ્થિતિ હતી. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમ સપાટો બોલાવ્યો છે. શહેરમાંથી છેલ્લા એકમાસથી દબાણ દુર કરી દીધા છે. દબાણકારો લારી ગલ્લા મુકતા ગભરાઈ રહ્યા છે. તંત્ર એ કાયદેસરની કાર્યવાહી કરતા વેપારીઓ ભય પ્રસરી ગયો છે ત્યારે આજે ઘ-૫ વિસ્તારમાંથી વર્ષો જુની ચાની કીટલીઓ ૪ જેટલી તેમજ સેકટર-૨૧ માંથી નડતરરૂપ લારીઓ જમા લઈ લેતા વેપારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી ત્યારે દબાણ ઝુંબેશ આગામી સમયમાં પણ ચાલુ રહેશે તેમ મહેશ મોડે જણાવ્યું છે.







**@ગાંધીનગર**

● દાદા ભગવાન પરિવાર દ્વારા સવારે ૯.૩૦ કલાકે આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાવન ભાદોના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે વિવિધ સૂકામેવાના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સોમનાથ મહાદેવ પ્રવાસ યોજાશે.

● સે-૨૬ બ્રહ્મસમાજ દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન દિનેશભાઈ જાની પ્લોટ નં. સી-૫૩ ગ્રીનસીટી સે-૨૬ ખાતે શિવસાધના પૂજા પાઠ યોજાશે.

● સિવિલ કેમ્પસ ખાતે સવારે ૧૦ કલાકે ગોગા મહારાજનો ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે સે-૫-સી પ્લોટ નં. ૭૮૪/૧ ખાતે યોજાશે.





## ઓઢણી રાજપૂત મહિલા ગ્રુપ દ્વારા કાર્યક્રમ યોજાયો

ઓઢણી રાજપૂત મહિલા ગ્રુપ દ્વારા ગાંધીનગર નજીક કુડાસણ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓમાં ઔદ્યોગિક માર્ગદર્શન, ઘુમર નૃત્ય વિગેરે અંગે મોટીવેશન સ્પીકર દ્વારા સર્વાંગી વિકાસની સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વરસોડા સ્ટેટના રાણીસા દેવીબા ચાવડા, શકિત એકેડમીના પ્રમુખ સરોજબા રહેવર, કોર્પોરેટર રમીલાબા વાઘેલા, બંન્ના બાઈસા સિલેકશન અમદાવાદના મીનાબા વાઘેલા, ફાલ્ગુનીબા ચાવડા, આશાબા ચાવડા, ઉમંગ સલુનવાળા પુનમસિંઘ, કચ્છી કાઠીયાવાડ રાજપૂત સમાજના સુશીલાબા જાડેજા, તૃપ્તિબા રાઓલ, ભાવનાબા ગોલ, શોભનાબા રાણા, બીનાબા વાઘેલા, મનહરબા ચાવડા, કલ્પનાબા ગોલ (વૈદેહી કોર્પોરેશન) વિગેરેએ પ્રાસંગિક પ્રસંગમાં હાજરી રહી ઓઢણી રાજપૂત મહિલા ગ્રુપનાં કાર્યક્રમની પ્રસંશા કરી હતી. તે સૌનો સ્વાતીબા ચાવડા અને મમતાસિંગ રાઠોડ એ આભાર વ્યકત કર્યો હતો.

## મોટર સાયકલની ટકકરથી ઘાયલ વયોવૃધ્ધ સ્વાતંત્ર્ય સેનાનીની અગત્યની ફાઈલ ખોવાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના એક વયોવૃધ્ધ સ્વાતંત્ર્ય સેનાની તાજેતરમાં પથિકાશ્રમથી ચાલીને સેકટર-૧૫ યુથ હોસ્ટેલ તરફ સાંજના સાતેક વાગ્યાના સુમારે પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂરપાટ વેગે આવેલ એક મોટર સાયકલ સવારે ટકકર મારતાં ઈજાગ્રસ્ત થવા પામ્યા હતા. તેમને પહેલા યુથ હોસ્ટેલ ખાતે પછીથી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા અને સારવાર અપાઈ પરંતુ આ ઘટનામાં તેમની અગત્યની ફાઈલ ગુમ થઈ જવા પામી છે.

યુથ હોસ્ટેલ પાસે વયોવૃધ્ધ સ્વાતંત્ર્ય સેના મનસુખભાઈ પંચાલ મોટર સાયકલની ટકકરથી પડી જતા બેશુધ્ધ થઈ જવા પામ્યા હતા જેના કારણે ઘટના સ્થળે એકઠા થયેલા નાગરિકો તેમને યુથ હોસ્ટેલ ખાતે લઈ ગયા હતા જયાં આરામ કર્યા બાદ આ વડીલ સ્વાતંત્ર્ય સેનાનીને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. અહીં તેમને જરુરી સારવાર આપી એક દિવસ પછી રજા આપવામાં આવી હતી પરંતુ આ ઘટનામાં તેમના અગત્યના કાગળો ધરાવતી ફાઈલ ગુમ થઈ જવા પામી છે. વયોવૃધ્ધ સ્વાતંત્ર્ય સેનાની વર્ષ ૧૯૨૮માં જન્મ્યા હતા અને ગાંધીજી તથા સરદાર પટેલને મળ્યા બાદ તેમણે જનજાગૃતિ માટે સાયકલ પ્રવાસ કર્યો હતો. અને ૬૦ હજાર સ્કૂલ-હાઈસ્કૂલ-કોલેજ-યુનિવર્સિટી જેવા શૈક્ષણિક એકમોનો પ્રવાસ કર્યો હોવાનો તેમનો દાવો છે.

**ચિરવિદાય**

- સ્વ. મહેશકુમાર સરદારજી ચૌહાણ, ઉ.વ. ૩૫
- સ્વ. પટેલ બચુભાઈ ઉકાભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. જયંતિભાઈ શકરચંદ દરજી, ઉ.વ. ૫૯

## બાયસેગ ખાતે વિશિષ્ઠ વ્યકિતઓના વાલીઓ શિક્ષકો માટે ‘સક્ષમ’ તાલીમવર્ગ યોજાયો





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં તા. ૧૭મી ઓગસ્ટે બાયસેગ ખાતે માનસિક વિશિષ્ઠ વ્યકિતઓના વાલીઓ તથા વિશિષ્ઠ શિક્ષકો માટે તાલીમવર્ગ યોજાઈ ગયો. આ કાર્યક્રમ શહેરની સાધના પેરેન્ટસ એસોસિએશન ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ, વિશેષ એજયુકેશન સેન્ટર તથા ‘સક્ષમ’ સંસ્થાના સંયુકત ઉપક્રમે યોજાયો હતો.

વિશિષ્ઠ બાળકોની કેવી રીતે સંભાળ લેવી તે અંગે માર્ગદર્શન આપવા ‘સક્ષમ’ તાલીમ વર્ગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ અને શિક્ષકોને દિવ્યાંગ વ્યકિતઓ માટેના આયુકત ડી.એન. પાંડે તથા નાયબ નિયામક વિવિક શાહે સંબોધ્યા હતા અને કાયદાકીય માર્ગદર્શન પણ પુરું પાડયું હતું. પરિવાર નેશનલ ફેડરેશનના ટ્રેઝરર ભાનુપ્રસાદ ચૌહાણ, જે.ડી. પટેલ, પ્રગતિ ફાઉન્ડેશનના પ્રમુખ અનુપભાઈ પરીખ, વિશેષ એજયુકેશન સેન્ટરના નિયામક દિપાલી ઉપાધ્યાય તેમજ ‘સક્ષમ’ના પ્રાંત સચિવ નીતિનભાઈ જાની, પ્રાંત ઉપાધ્યક્ષ ગંગારામભાઈ પટેલ, જિલ્લાધ્યક્ષ સુરેશ પારઘી અને સ્પેશિયલ ઓલમ્પિક ગુજરાતના જિગ્નેશ રાવલે હાજરી આપી માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં રિસોર્સ પર્સન તરીકે વૈદેહી જોખાકરે, દિપાલી ઉપાધ્યાય, ડૉ. મનુભાઈ પુરોહિત દ્વારા વાલીઓ અને વિશિષ્ઠ શિક્ષકોને ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને ‘વિશેષ’ના પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાયે આભારદર્શન વ્યકત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સક્ષમના મંત્રી શ્રીકાન્ત ત્રિવેદીએ કર્યું હતું.

# અડાલજ પાસે કેનાલમાં ત્રણના આપઘાત

**સુઘડ કેનાલમાં એક કોન્સ્ટેબલે તેની પ્રેમિકા સાથે ઝંપલાવી આપઘાત કરી લીધો**
**અમદાવાદના યુવા વેપારીએ આર્થિક સંકળામણને પગલે કેનાલમાં ઝંપલાવ્યુ**

ગાંધીનગર, તા.૧૮

અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે અલગ-અલગ જગ્યાઓ પરથી એક યુવતી સહિત ત્રણના તરતા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ કેનાલ પરથી ૨૩ વર્ષીય યુવતીનો મૃતદેહ મળ્યો છે જયારે સુઘડ કેનાલ પરથી ૩૩ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલ યુવાનનો મૃતદેહ મળ્યો છે. આ બંને પ્રેમી યુગલ હોવાનું પ્રાથમિક તબક્કે પોલીસને જાણવા મળી રહ્યું છે જોકે તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે. તો બીજી તરફ આજ કેનાલમાંથી જ આજે સવારે બીજો એક મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદ વિસ્તારના યુવા વેપારીનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે ત્રણેય મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ હાલ વ્યારા પોલીસ લાઈન તાપી જિલ્લામાં રહેતા અને મૂળ નવલપુર ભિલોડા, અરવલ્લી ખાતે રહેતા ને પોલીસ કોન્સ્ટેબલ તરીકે તાપી જિલ્લાના કાકરાપાર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૩૩ વર્ષીય શૈલેષભાઈ બાબુભાઈ તિબીયાર બે દિવસથી લાપતા હતા. ગઈકાલે અડાલજ પાસે આવેલા સુઘડ નર્મદા કેનાલના બ્રિજ પાસેથી તેમનું બાઈક મળી આવ્યું હતું. જેના આધારે અડાલજ પોલીસે કેનાલમાં શોધખોળ પણ શરુ કરી હતી દરમિયાન આજે સવારે કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. તો બીજી તરફ અડાલજ નર્મદા કેનાલમાંથી ૨૩ વર્ષીય પ્રિયંકા અશોકભાઈ ગામેતીનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલ સૈજપુરબોઘા વિસ્તારમાં આવેલી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી આ યુવતી પ્રિયંકા મૂળ વિજયનગર સાબરકાંઠા વિસ્તારમાં રહેતી હતી. આ યુવતી અને કોન્સ્ટેબલ બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું પોલીસે શરૂ કરેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. બંનેએ સુઘડ કેનાલ પરથી સાથે ઝંપલાવી હોવાનું અને ત્યારબાદ યુવતીનો મૃતદેહ તણાઈને અડાલજ કેનાલ તરફ વહી ગયો હોવાની શક્યતા છે. અડાલજ પોલીસે બંને મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આજે જ અડાલજ કેનાલમાંથી વધુ એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદના ઠક્કર બાપાનગર વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય નરેન્દ્રભાઈ તારાચંદ શર્મા ફૂટવેરના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. કેનાલમાંથી બહાર નીકળેલા મૃતદેહની તપાસ કરતાં મળી આવેલા ડ્રાઈવિંગ લાઈસન્સ આધારે આ મૃતદેહ નરેન્દ્રભાઈનો હોવાનું બહાર આવ્યું હતું. અડાલજ પોલીસે મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેના પરિવારજનોને જાણ કરતાં પ્રાથમિક નિવેદનોમાં જાણવા મળ્યું છે કે આર્થિક સંકડામણથી તેઓ કંટાળી ગયા હતા. આ કારણોસર કદાચ તેમણે આપઘાત કર્યો હોવાની આશંકા છે. અડાલજ પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

## સહયોગ મંડળ દ્વારા પ્રવાસ યોજાયો

સહયોગ મંડળ ગાંધીનગર અને ગાયત્રી ટ્રાવેલ્સ દ્વારા ગત રોજ શ્રાવણ માસ નિમિત્તે મગોડી ખાતે આવેલા વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ધાર્મિક પ્રવાસ સવારે ૫ કલાકે મરતોલી, મોઢેરા, બહુચરાજી, શંખેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણ મંદિર પાટડી ખાતે કરાવવામાં આવ્યો હતો.

આ ધાર્મિક પ્રવાસમાં રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભજન કિર્તન કરતા કરતાં ધાર્મિક પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસમાં સંસ્થાના પ્રમુખ બહેચરભાઈ પટેલ, ભાનુભાઈ પટેલ, કિરિટસિંહ વાઘેલા, આર.કે. સુથાર, દશરથભાઈ, રોહિતભાઈ પટેલ દિલિપસિંહ રાજપૂત, શૈલેષભાઈ ખરાડી વગેરેએ જોડાઈને વિવિધ સેવાઓ આપી પ્રવાસને સફળ બનાવ્યો હતો.

## બીસીએ કોલેજમાં સામાજિક વિકાસ હેતુ કાઉન્સીલીંગ સત્ર યોજાયુ

ગાંધીનગર, તા.૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની કન્સટીટ્યુઅન્ટ કોલેજ ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના વુમન ડેવલોપમેન્ટ સેલ અને નોલેજ એન્ડ કરિયર ડેવેલોપમેંટ સેલ દ્વારા વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓ માટે કાઉન્સીલીંગ-પરામર્શ સેશન યોજવામાં આવ્યા અને વિદ્યાર્થી જીવન દરમિયાન ઉપયોગી એવા વિવિધ મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત આ સેલના કો-ઓર્ડિનેટર્સ પ્રાધ્યાપક પ્રો.જૈમિની કુલકર્ણી, પ્રો.મોનિકા પટેલ અને પ્રો.ભાવના પટેલે વિદ્યાર્થિનીઓને પોતાના હક્કો વિષે, સરકારની મહિલાઓ માટેની વિવિધ યોજનાઓ વિષે અને પોતાના જીવનના ધ્યેય અને એ ધ્યેય કેવી રીતે હાંસલ કરી શકાય તે વિષે અત્યંત ઊંડાણ પૂર્વક માહિતી આપી હતી. વધુમાં યુનિવર્સીટી લેવલે આખા શૈક્ષણિક વર્ષ દરમ્યાન WDC દ્વારા યોજાનાર કાર્યક્રમ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.



નોલેજ એન્ડ કરિયર ડેવેલોપમેંટ સેલ અંતર્ગત ડો.અભિજીતસિંહ જાડેજા અને પ્રો. કેતન સાળુંકેએ આઈ.ટી. ક્ષેત્રે ઉપયોગી પ્રોફેશલ માહિતી આપી હતી જેમાં કમ્યુનિકેશન, પ્રોફેશનલ કલ્ચર, ડ્રેસિંગ સેન્સ(પ્રોફેશનલ ડ્રેસ કોડ) અને ભવિષ્યમાં આઈ.ટી. ક્ષેત્રે આવનારી તકોનો સમાવેશ કર્યો હતો. આ એક દિવસીય કાઉન્સીલીંગના કુલ ૪ સેશનમાં કોલેજના જ ૩૫૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.





ચોમાસાની ઋતુ ધીમે ધીમે પાટનગરમાં જામવા લાગી છે અને તે સાથે જ શહેરમાં ‘ભૂવા’ પણ દેખાવા લાગ્યા છે. શહેરના સેકટર-૨૭માં શુક્રવારની વરસાદી રમઝટના પગલે મસ મોટા ભૂવા પડયા હતા જે ત્યાંથી પસાર થતા રાહદારીઓ કે વાહનચાલકો માટે જોખમરૂપ બને તેમ હતા પરંતુ મહાનગરપાલિકાના હાલના ઈન્ચાર્જ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને કાઉન્સીલર બરખાબેન જહાએ સ્થળ પર જાતે ઉભા રહી આ ‘ભૂવા’ને પુરવાની કામગીરી કરાવડાવી હતી.

## ડૉ. આંબેડકર હોલ ખાતે સંતવાણી ડાયરો યોજાયો

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે ક્રિષ્ના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંગીત નાટક અકાદમીના સહયોગથી આયોજિત સંતવાણી ડાયરો તા. ૧૫મી ઓગસ્ટના રોજ યોજાયો હતો. આ સંતવાણી ડાયરામાં રેડિયો કલાકાર ચંદ્રકાંત પંડયા, ટીવી કલાકાર ગીતાબેન પંડયા, લોકગાયક રાજુભાઈ શ્રીમાળી, તબલા ઉસ્તાદ કશ્યપ શ્રીમાળી, બેન્ઝો માસ્ટર રજનીકાંત મિસ્ત્રી તથા ઓકટોપેડ આર્ટિસ્ટ અલ્પેશ મકવાણાએ ભજન તથા લોકગીતોની રમઝટ જમાવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને કોર્પોરેટર નરેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.




## આઠ કિલો ચરસના જથ્થા સાથે પકડાયેલો કેરિયર દસ દિવસના રિમાન્ડ પર

ચિલોડા પોલીસ ગઈ કાલે સવારે વાહન ચેકીંગમાં ચંદ્રાલા પાસે હતી ત્યારે ત્યાંથી પસાર થયેલી લક્ઝરીની અંદર ચેકિંગ કરતા અંદરથી એક મુસાફર ચરસના મોટા જથ્થા સાથે પકડાઈ ગયો હતો. મૂળ મધ્યપ્રદેશનો આ શખ્સ ચરસના સ્મગલિંગના જ ધંધા સાથે સંકળાયેલો હતો. રાજસ્થાનનો ચરસનો મોટો ડીલર આ શખ્સને એક ડિલિવરીના ૨૦,૦૦૦ રૂપિયા આપતો હતો. એક મહિના પહેલાં જ આ શખ્સે અમદાવાદની એક મહિલા બુટલેગરને ત્યાં ચરસ ની ડીલેવરી આપી હતી. ગઈકાલે પણ આ શખ્સ તેના ત્યાં જ ડીલીવરી આપવા જઈ રહ્યો હતો અને રસ્તામાં ચિલોડા પોલીસ લક્ઝરીમાં જ તેને પકડી પાડયો હતો. ગાંધીનગર એસઓજી પી.આઈ પરેશ સોલંકીએ આ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. આરોપીની સઘન ઈન્ટ્રોગેશન માટે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે આરોપીના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. એસ.ઓ.જી.ની ટીમે ચરસ સ્મગલિંગનું મોટું રેકેટ બહાર લાવવા કવાયત શરૂ કરી છે.

## શેઠ સીએમ હાઈસ્કુલ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮




૭૨મા સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી શેઠ સી.એમ. શાળા, એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલ અને જે.બી. પટેલ પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે કરવામાં આવી હતી.

આ પ્રસંગે શેઠ સી.એમ. શાળાના આચાર્યા ડૉ.ચેતના બુચે સ્વાગત પ્રવચન અને વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના ઉજાગર કરવા માટે પ્રરેક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન કે.બી. ઈન્સ્ટીટયુટના ડાયરેકટર ડૉ. શ્રીકલ્પ દેશપાંડેએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શીખ આપી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને આચાર્ય નીવાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.